# ૧૧ ઓગષ્ટ –૨૦૧૬ (ગુરૂવાર)

**(૧) તમિલનાડુના કુડ્ડનકુલમ પરમાણુ પ્લાન્ટ રાષ્ટ્રને સમર્પિત :**

- તમિલનાડુના કુડ્ડનકુલમ ખાતે ન્યુક્લિયર પાવર પ્લાન્ટનો આરંભ કરી ભારતે આણ્વિક ઉર્જાના ક્ષેત્રે મહત્વનું કદમ ભર્યું છે.
- અણુ ઉર્જા વીજળીના અન્ય પરંપરાગત વિકલ્પોની સરખામણીએ ખૂબ જ સસ્તી પડતી હોવાથી ભારત જેવા વિકાસશીલ દેશો માટે તેને પ્રાથમિકતા ગણવામાં આવે છે.
- પરંપરાગત રીતે વીજમથકોમાં વપરાતો કોલસો ક્રમશ: ઘટતો જાય છે ત્યારે ભવિષ્યને ઉજાળવા માટે અણુવીજ મથકો આવશ્યક બનવાના છે.
- રશિયાના સંપૂર્ણ સહયોગથી સ્થાપીત થયેલા આ પ્લાન્ટમાં ટેકનોલોજીથી માંડીને સંચાલન અને મેઇન્ટેનન્સ સહીતના દરેક કરાર રશિયા સાથે થયેલા છે.
- ભારતના પૂર્વ વડાપ્રધાન રાજીવગાંધી અને સોવિયેત યુનિયનના પ્રમુખ મિખાઇલ ગોર્બાચોવ વચ્ચે આ કરાર કરવામાં આવ્યો હતો.
- દિલ્હીમાંથી મોદી, રશિયામાંથી પુતિન અને તામિલનાડુમાથી જયલલિતા વીડિયો કોન્ફરસથી જોડાઇ ૧૦૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવતું કુડ્ડનકુલમ યુનિટ–૧ રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું.
- કુડ્ડનકુલમમાં ૧૦૦૦ મેગાવોટની ક્ષમતા ધરાવતા વધુ પાંચ યુનિટની રચના કરવાની યોજના છે.
- કુડ્ડનકુલમના પ્રથમ યુનિટની રચના ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા અને રશિયાના રોસટોમ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી છે.

---

**(૨) ગુજરાતના ૧૨ ધોરીમાર્ગો પર લેવાતો પેસેન્જર ટોલટેક્સ ૧૫મી ઓગસ્ટથી નાબુદ થશે :**

- પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ૧૫ મી ઓગસ્ટથી ટોલટેક્સમાં મુક્તિની જાહેરાત કરી હતી.
- આ જાહેરાતને અનુસરવા રૂપાણી સરકારે મંજુરી આપી દીધી છે.
- ૧૫ મી ઓગસ્ટ, ૨૦૧૬ થી રાજયના ૧૨ માર્ગોના ૨૦ ટોલબુથ પર પેસેન્જર વાહનો જેવા કે કાર, જીપ, નાના ફોર વ્હિલર, રીક્ષા અને ત્રણ પૈંડાવાળ વાહનોને ટોલટેક્સમાંથી મુક્તિ અપાઇ છે.
- આ ઉપરાંત એસ.ટી. બસોને પણ ટેક્સમુક્તિ અપાઇ છે જેથી હવે એસ.ટી.ના ભાડામાં પણ ઘટાડો આવશે.
- રાજયમાં ૮ નેશનલ હાઇવે પર કેન્દ્ર સરકારના ટોલબૂથ હોય જયાં ટેક્સમુક્તિ અપાઇ નથી.

| કયા ૧૨ હાઇવે પર રાહત | ૮ નેશનલ હાઇવે પર માફી નહીં |
|---|---|
| અમદાવાદ– મહેસાણા | અમદાવાદ–વડોદરા એક્સપ્રેસ હાઇવે |
| વડોદરા – હાલોલ | અમદાવાદ–વડોદરા નેશનલ હાઇવે |
| અમદાવાદ–વીરમગામ–માળીય | અમદાવાદ – ઇન્દોર |
| હાલોલ–ગોધરા–શામળાજી | હજીરા બારડોલી વ્યારા |
| હિંમતનગરબાયપાસ | રાજકોટ–જૂનાગઢ–પોરબંદર |
| કીમ–માંડવી | જૂનાગઢ–સોમનાથ |
| ભૂજ–નખત્રાણા | બામણબોર–સામખીયાળી |
| ડીસા–પાથાવાડા–ગુંદરી | સામખીયાળી–કંડલા |
| વડોદરા–છાયાપુરી (રેલવે ઓવરબ્રિજ) | |
| કપડવંજ –મોડાસા | |
| બગોદરા – બામણબોર | |

**(૩) જીતુ વાઘાણી :**

- ભાગવનગરના ધારાસભ્ય જીતુભાઇ વાઘાણીની ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ પદે વરણી થઇ.
- પૂર્વ ભાજપ પ્રદેશ પ્રમુખ વિજયભાઇ રૂપાણી મુખ્યમંત્રી બનાત પક્ષ દ્વારા તેમના સ્થાને જીતુ વાઘાણીની વરણી કરાઇ.

પ્રશ્ન :

(૧) તાજેતરમાં તમિલનાડુના કયાં સ્થળે પરમાણુ પ્લાન્ટ રાષ્ટ્રને સમર્પિત કરાયો ? – કુડ્ડનકુલમ

(૨) કયાં દેશના સહયોગથી કુડ્ડનકુલમ ખાતે પરમાણુ પ્લાન્ટ શરૂ થયો ?– રશિયા

(૩) કુડ્ડનકુલમ યુનિટ–૧ જે રાષ્ટ્રને સમર્પિત કર્યું તેની ક્ષમતા કેટલા મેગાવોટની છે ? – ૧૦૦૦

(૪) કયાં વડાપ્રધાનના સમયમાં કુડ્ડનકુલમ પરમાણુ પ્લાન્ટના કરાર થયા હતા ?
- રાજીવ ગાંધી

(૫) ગુજરાતમાં કયાંરથી નાના વાહનોને ટોલબુથ પર ટેક્સમુક્તિ મળશે ?
- ૧૫ ઓગસ્ટ ૨૦૧૬

(૬) ૧૫ ઓગસ્ટના રોજ ગુજરાતના કેટલા ધોરીમાર્ગો પર ટેક્સમુક્તિ આપવામાં આવશે ?
- ૧૨

(૭) ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ પદે કોની વરણી કરાઇ ?
- જીતુ વાઘાણી – ધારાસભ્ય, ભાવનગર